# ૧૧ સપ્ટેમ્બર –૨૦૧૬ (રવિવાર)

**(૧) રિયો પેરાલિમ્પિકમાં ભારતને ગોલ્ડ અને બ્રોન્ઝમેડલ :**

- બ્રાઝિલના રિયોમાં ચાલી રહેલ વિશ્વભરમાં દિવ્યાંગો માટેના રમતોના મહાકુંભ પેરાલિમ્પિકમાં ભાતરને એક જ ઇવેન્ટમાં ગોલ્ડમેડલ અને બ્રોન્ઝમેડલ મળ્યા.
- પુરૂષોની હાઇ જમ્પ ટી–૪૨ ઇવેન્ટમાં તમિલનાડુના સામેલ જિલ્લાના પરીપ્પયન થાંગવેલુએ ગોલ્ડમેડલ જીત્યો.
- જયારે આજ ઇવેન્ટમાં ઉત્તરપ્રદેશના ગ્રેટર નોઇડાના વરુણસિંઘ ભાટીએ બ્રોન્ઝ મેડલ જીત્યો.
- મરિયપ્પને ૧.૮૯ મીટર અને વરૂણસિંઘ ભાટીએ ૧.૮૬ મીટરની ઉંચાઇ સરકરતાં આ સિદ્ધિ મેળવી હતી.
- આ સાથ ભારતના પેરાલિમ્પિકના ઇતિહાસમાં ભારતને ત્રીજો ગોલ્ડ અને ચોથો બ્રોન્ઝ મળી એમ કુલ ૧૦ મેડલ થયા.
- તમિલનાડુ સરકારે ગોલ્ડ મેડલ વિજેતા મરિયપ્પનને ઈનામ સ્વરૂપ રૂા. ૨ કરોડ આપગવાની જાહેરાત કરી છે.
- આ ઉપરાંત ભારતના રમત મંત્રાલય મેડલ જીતનારા ખેલાડીઓના સન્માન માટે અગાઉ કરેલ જાહેરાત પ્રમાણે ગોલ્ડમેડલ વિજેતાને રૂા. ૭૫ લાખ, સિલ્વર મેડલ વિજેતા રૂા. ૫૦ લાખ, બ્રોન્ઝ મેડલ વિજેતાને રૂા. ૩૦ લાખ ઇનામ આપશે.
- પેરાલિમપિકમાં ટી–૪૨ વર્ગ શું છે :
- ટી–૪૨ વર્ગમાં એવા એથ્લિટનો સમાવેશ થાય છે. જેમના શરીરના નીચેનો ભાગ વિકલાંગ હોય છે.
- ભારતના સિનિયર પેરાએથ્લેટિક્સના કોચ સત્યનારાયણ મેડલ વિજેતા બંને ખેલાડીઓના કોચ છે.

**(૨)** ચેતેશ્વર પુજારાએ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૧૦ હજાર રન પૂરા કર્યા.

- ધ વૉલ અને સન ઓફ સૌરાષ્ટ્રના ઉપનામથી ઓળખાતા રાજકોટના ચેતેશ્વર પુજારાએ ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં ૧૦ હજાર રન પુરા કર્યા
- તેમજ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૨૬ સેન્ચ્યુરી ફટકારનાર ચેતેશ્વર પ્રથમ બેટ્સમેન બન્યો છે.

**(૩) સિક્સ રેડ વર્લ્ડ – સ્નૂકર ચેમ્પિયનશીપ :**

- ભારતના સ્ટાર પંજક અડવાણીએ સિક્સ રેડ વર્લ્ડ સ્નૂકર ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.
- આ પ્રતિષ્ઠિત ચેમ્પિયનશીપમાં મેડલ જીતનાર અડવાણી પ્રથમ ભારતીય બન્યો છે.

**(૪) મેઘાણી એવોર્ડ અને હેમુ ગઢવી એવોર્ડ :**

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ –૨૦૧૬ અને લોકગાયક હેમુગઢવી એવોર્ડ–૨૦૧૬ એનાયત કરવામાં આવ્યા.
- પૂ. મોરારી બાપુના હસ્તે લોકસાહિત્યકાર શિવદાન ગઢવીને મેઘાણી એવોર્ડ –૨૦૧૬ તેમજ સ્વ. લાખાભાઈ ગઢવીને હેમુ ગઢવી એવોર્ડ – ૨૦૧૬ એનાયત કરવામાં આવ્યો.

પ્રશ્ન :

(૧) સિક્સ રેટ વર્લ્ડ સ્નૂકર ચેમ્પિયનશીપમાં ભારતને મેડલ અપાવનાર એકમાત્ર ભારતીય ?
- પંકજ અડવાણી

(૨) સિક્સ વર્લ્ડ સ્નૂકર ચેમ્પિયનશીપમાં પંકજ અડવાણીએ કયો મેડલ જીત્યો ?
- બ્રોન્ઝ મેડલ

(૩) ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સૌથી વધુ સેન્ચ્યુરી ફટકારનાર ખેલાડી
- ચેતેશ્વર પુજારા

(૪) મેઘાણી એવોર્ડ – ૨૦૧૬ કોને એનાયત થયો ?
- શિવદાન ગઢવી

(૫) હેમુ ગઢવી એવોર્ડ – ૨૦૧૬ વિજેતા ?
- સ્વ. લાખાભાઈ ગઢવી

(૬) હેમુ ગઢવી એવોર્ડ અને મેઘાણી એવોર્ડ કોના દ્વારા આપવામાં આવે છે ?
- સૌરાષ્ટ્ર યુનિ. ના લોકસાહિત્ય કેન્દ્ર દ્વારા

(૭) તાજેતરમાં ક્યા ગુજરાતી ખેલાડીએ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૧૦ હજાર રન પૂરા કર્યા
- ચેતેશ્વર પુજારા

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧